# અંબાજી યાત્રાધામ ખાતે પ્રસાદ ઘર અને ભોજનાલયની વ્યવસ્થા શિરડી અમૃતસર યાત્રાધામ કક્ષાની બનાવાશે

## ૨૦૦ પથારીની અદ્યતન ટેકનોલોજીવાળી હોસ્પિટલ બનાવવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

અંબાજુ યાત્રાધામ ખાતે હાલમાં કાર્યરત પ્રસાદઘર અને ભોજનાલાયની વ્યવસ્થા શિરડી અને અમૃતસરના યાત્રાધામની કક્ષાના બનાવવાનું આયોજન યાત્રાધામ વિકાસ વિભાગે કર્યું છે. આ ઉપરાંત અંબાજી ખાતે ૨૦૦ પથારીની લેટેસ્ટ ટેકનોલોજીથી સુસજ્જ હોસ્પિટલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અંબાજી યાત્રાધામના વિકાસ માટેના આયોજન અંગેનુ એક પ્રેઝન્ટેશન પ્રવાસન અને યાત્રાધામ વિભાગ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. આ યાત્રાધામ અંબાજી ખાતે હાલમાં કાર્યરત પ્રસાદઘર અને ભોજનાલયની જે વ્યવસ્થા છે તે જોઈએ તેટલી આરોગ્યપ્રદ નહી હોવાનું પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું છે. આથી આ માટે અંબાજી ખાતે પ્રસાદઘર શીરડી અને અમૃતસર યાત્રાધામની કક્ષાનું બનાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રેઝન્ટેશનમાં એવું દર્શાવાયું છે કે અંબાજી જવાના ચાર મુખ્ય માર્ગો ઉપર ચાર દરવાજા બનાવવામાં આવશે. તેમજ ગબ્બર ટોચના વિસ્તૃતિકરણ કરીને પાંચ માળનો ગબ્બર દરવાજો કેન્ટીન, પરિક્રમાપથ પણ બનાવાશે. પરિક્રમાપથમાં ૪ પુલો અને ૧૨ રેસ્ટ એરિયાનો સમાવેશ કરાશે. યાત્રાધામ વિકાસ યોજના અંતર્ગત દેશમાં અને પડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં સ્થિત ૫૧ શક્તિપીઠોના પ્રોટોટાઈપની રચનાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

ગબ્બર પરિક્રમા પથ પર આવેલા શક્તિપીઠો માટે પુજારીની વ્યવસ્થા માટે અંબાજીમાં સંસ્કૃત વિદ્યાપીઠ આવેલી છે. આ વિદ્યાપીઠમાં ભણેલા ક્ષાત્રોને આ કામગીરી સોંપી શકાય એવો મત વ્યક્ત કરવામાં આવ્યો છે. ૫૧ શક્તિપીઠ થકી અંબાજી યાત્રાએ આવતા લોકોની સંખ્યામાં સારો એવો વધારો થશે અને સભવત અન્ય દેશોમાંથી પણ લોકો આ યાત્રાધામની મુલાકાત લેશે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગબ્બર પર ચઢાણના હાલના માર્ગમાં પગથીયા સમાન બનાવવા અને જ્યાં ઢોળાવ કપરો છે ત્યાં શક્ય તેટલા વધુ લેન્ડીંગ રાખીને ગબ્બર ચઢાણનો માર્ગ સરળ બને તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પરિક્રમા પથમાં આવેલી એક શિલા કે જેની એક બાજુની ઉભી સીધી સપાટી ૧૨ હજાર ચો. ફૂટ છે. તેનો ઉપયોગ કરીને રાતના સમયે આકર્ષક થ્રીડી ફિલ્મનું તથા લાઈટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત યાત્રાધામ વિકાસ અંતર્ગત ૨૦૦ પથારીની લેટેસ્ટ ટેકનોલોજીથી સજ્જ આઈસીયુ તથા ઓપરેશન થીયેટર સાથેની સગવડ સાથે તથા સ્ટાફ ક્વાર્ટરની સગવડ સાથેની હોસ્પિટલ બનાવવામાં આવનાર છે. વિકાસ યોજનામાં એડવેન્ચર સ્પોર્ટસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અંબાજી ખાતે ભારે વાહનો માટે બાયપાસની વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. હાલમાં જે સંસ્કૃત વિદ્યાપીઠ કાર્યરત છે તેને ૮ એકર જેટલી જગ્યામાં અદ્યતન મકાન બનાવીને શિફ્ટ કરવામાં આવનાર છે.

અંબાજી યાત્રાધામનો જે વિકાસ કરવામાં આવ્યો છે તેનો સમગ્ર રાષ્ટ્રને અને વિદેશમાં પણ લોકોને જાણકારી થાય તે માટેના પ્રયત્નો કરવા વિભાગને સૂચના આપવામાં આવી છે.

# ડીસામાં ઓવરબ્રીજ પરથી ત્રણ મોટર સાયકલ સવાર નીચે પટકાતા એકનું મોત બે ઘાયલ

ડીસા, તા. ૨૧

ડીસાથી ભીલડી તરફ જતો અને આખોલ ચાર રસ્તા પાસે બનાવેલો ઓવર બ્રીજ ફરી મોતનો ઓવર બ્રીજ બનેલ છે. જેમાં આજે સાંજના સમયે આ ઘટનાની વિગતો જોઈએ તો ભીલડીથી મોટર સાયકલ પર સવાર થઈ પીન્ટુ રમણભાઈ નાઈ રહે. શિહોરી તેમજ રીતેશ હસમુખભાઈ નાઈ અને રાજુ કુરશીભાઈ નાઈ ભીલડી તરફથી ડીસા આવતા



ભીલડી તરફથી ડીસા આવતા ત્રણ મોટર સાયકલ પર સવાર ઈસમો ઓવરબ્રિજ પાસેથી ફૂલ સ્પીડે પસાર થતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ફૂલ સ્પીડથી જતી આ મોટર સાયકલ ઓવરબ્રિજની દિવાલથી અનેકો ફૂટ મોતના કૂવાની મોટર સાયકલ હોય તે રીતે અનેકો ફૂટ દિવાલ સાથે ઘસડાઈ હતી. જો કે તે બાદ તેની પર સવાર આ ત્રણેય યુવકો ઓવરબ્રિજથી હવામાં ફંગોળાઈ ૪૦ ફૂટ નીચે રોડ પર પટકાયા હતા. જેમાં એક યુવક તો અંદાજીત ૨૦૦ ફૂટથી દૂર પટકાતા ઘટના સ્થળે જ તેનું મોત થયું હતું. જ્યારે અન્ય બે યુવકો નીચે રોડ પર પટકાતા તેમના અનેક અંગો અને હાથ પગ ભાગી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં ગંભીર ઘાયલ બનેલા આ બંને યુવકોને તે બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડેલ છે. જ્યાં બંનેની હાલત નાજુક બનતા તેને મહેસાણા ખસેડેલ છે.

હતા. જેમાં સાંજના સાત વાગ્યાના સુમારે આ મોટરસાયકલ સવાર ત્રણ યુવકો આખોલ નજીકના ઓવરબ્રીજ પાસે આવતા ટર્નિંગમાં મોટરસાયકલ ઓવરબ્રીજની દિવાલ સાથે ટકરાયું હતું અને હવામાં ફંગોળાતા આ ત્રણેય યુવકો ઓવરબ્રીજથી નીચે પટકાયા હતા. જેમાં પીન્ટુ રમણભાઈ નાઈ રહે, શિહોરી વાળાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય બે યુવક રીતેશ હસમુખભાઈ નાઈ અને રાજુ કુરશીભાઈ નાઈને ગંભીર ઈજાઓ થતા પ્રથમ ડીસાની સરકારી હોસ્પિટલ અને તે બાદ મહેસાણા વધુ સારવાર અર્થે ખસેડ્યા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસે મૃત યુવકની લાશનો કબજો સંભાળી આગળની તપાસ હાથ ધરેલ છે. આ ઓવરબ્રીજ પરથી અનેકો નીચે પટકાતા મોતને ભેટેલ છે. વળી આ ઓવરબ્રીજના વળાંક પાસે નેશનલ હાઈવે ઓથોરિટિએ ભયજનક બોર્ડ કે સ્પીડ બ્રેકર ના મુકતા આ સ્થળે વારંવાર અકસ્માતો સર્જાય છે.

# પ્રકાશિત થતાં નકારાત્મક અહેવાલોની વિશ્વાસનીયતા ચકાસવા ચોક્કસ પદ્ધતિ ઘડાશે

ગાંધીનગર, તા. ૨૧

પ્રાથમિક શિક્ષણ અંગે પ્રકાશિત થતાં નકારાત્મક અહેવાલોની વિશ્વાસનીયતા ચકાસવા માટે ચોક્કસ પદ્ધતિ ઈન્સ્ટીટ્યુશનલાઈઝ કરવા અને આ માટે ગાંધીશ્રમ સંસ્થાન જેવી સંસ્થાને કન્સલ્ટન્સી તરીકે નિમવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સફળતા અંગે એક સમીક્ષા બેઠક મળી હતી.

આ બેઠકમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવે છે. સરકારના આવા હકારાત્મક પ્રયાસોની અસર વધતી જાય છે અને શાળામાં નામાંકનપત્ર બાળકોનું લગભગ સો ટકા નામાંકન હાંસલ કરી શકાયું હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું હતું.

આ બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવે પ્રાથમિક શિક્ષણ અંગે પ્રકાશિત થતા નકારાત્મક અહેવાલોનો ઉલ્લેખ કરીને એવું જણાવ્યું હતું કે આ પ્રકારના અહેવાલોની વિશ્વાસનીયતા ચકાસવા માટે કોઈ ચોક્કસ પદ્ધતિ ઈન્સ્ટીટ્યુટનાઈઝ થવી જોઈએ. એટલું જ નહી તેમણે ગાંધીશ્રમ સંસ્થાન કે જે આ પ્રકારની કન્સલ્ટન્સી સેવા પુરી પાડે છે તેવી સંસ્થાનો ઉપયોગ કરી શકાય તેવું સૂચન પણ કર્યું હતું.

આ બેઠકમાં ઉપસ્થિત શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવે ગાંધીશ્રમ સંસ્થાન દ્વારા ટાટા પાવર કંપની માટે કરવામાં આવેલા અભ્યાસનું ઉદાહરણ આપીને એવું જણાવ્યું હતું કે ગાંધીશ્રમ સંસ્થાન આ પ્રકારના અભ્યાસ કરવા માટે સક્ષમ છે.

આ ઉપરાંત કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ હેઠળ કાર્યરત ગુજરાત સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ સોસાયટી કે જેને આ પ્રકારની કન્સલ્ટન્ટસ સેમ્પેનલ કરેલ છે. તેઓની પણ આ સેવા આ માટે લઈ શકાય. તેમણે એવું પણ સૂચન કર્યું હતું કે ઈ.ગ્રામ જેવા પ્રોજેક્ટની ક્ષમતાનો પણ આ માટે ઉપયોગ થઈ શકે છે. જેને આ પ્રકારના અભ્યાસ માટે સાંકળી શકાય.

નાણા વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે વર્ષોવર્ષ યોજાતા કન્યા કેળવણી અને શાખા પ્રવેશોત્સવની ઘણી સારી અસરો થઈ છે. લગભગ સો ટકા નામાંકન થઈ શક્યું છે તથા શાળાએ જવા પાત્ર દરેક વિદ્યાર્થીને એક કિ.મી.ના અંતરે શાળાની સુવિધા ઉપલબ્ધ થઈ છે.

# પ્રદેશ ભાજપ સંગઠનમાં વધુ ત્રણ ઉપપ્રમુખો, એક મહામંત્રી, પાંચ મંત્રીની નિમણુંકો કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

પ્રદેશ ભાજપ સંગઠન માળખામાં બાકી રહેલા હોદ્દાઓ પર આજે નિમણુંકો જાહેર કરવામાં આવી છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ આજે ત્રણ પ્રદેશ ઉપપ્રમુખ, એક મહામંત્રી અને પાંચ પ્રદેશ મંત્રીઓની નિમણુંકો કરતાં પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ થવા પામી છે.

પ્રદેશ સંગઠનમાળખામાં બાકી રહેલ નિમણુંક કરવામાં આવી છે જે આ પ્રમાણે છે.

| પદાધિકારીનું નામ | જવાબદારી |
|---|---|
| શ્રીમતી જયશ્રીબેન પટેલ (મહેસાણા) | પ્રદેશ ઉપપ્રમુખ |
| શ્રી ઈલાબા જાડેજા (વડોદરા જી.) | પ્રદેશ ઉપપ્રમુખ |
| શ્રી મયુરિકાબેન જાદવ (બારડોલી) | પ્રદેશ ઉપપ્રમુખ |
| શ્રી ભરતભાઈ પંડ્યા (અમદાવાદ) | પ્રદેશ મહામંત્રી |
| શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ (વડોદરા) | પ્રદેશ મંત્રી |
| શ્રી સુમિત્રાબેન ચૌધરી (વલસાડ) | પ્રદેશ મંત્રી |
| શ્રી વાલીબેન નંદાણિયા (જુનાગઢ) | પ્રદેશ મંત્રી |
| શ્રી હર્ષદગીરી ગોસ્વામી (અમદાવાદ જી.) | પ્રદેશ મંત્રી |
| શ્રી રમણજી ભીખાભાઈ સોલંકી (આણંદ) | પ્રદેશ મંત્રી |
| **પ્રમુખશ્રીનું નામ** | **મોરચાનું નામ** |
| શ્રી સૂફી સંત મહેબુબઅલી બાબા (સુરત) | લઘુમતી મોરચો |



અમદાવાદ સહિત દેશના ઘણા એરપોર્ટ પર હુમલા કરવાની બાતમી મળ્યા બાદ અમદાવાદ વિમાની મથકે સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ ઉપરાંત વાહનોની ચકાસણીની પ્રક્રિયા તેજ બનાવાઈ છે.


# સુરતમાં બે વર્ષમાં ૮૦ ટેક્સ ટાઈલ મિલો બંધ થતાં ચિંતા

### પ્રોસેસિંગ સેક્ટરની હાલત ખુબ કફોડી : સ્થિતીમાં સુધાર ન થાય તો વધુ મિલો બંધ થશે : અનેક કારણો જવાબદાર

સુરત,તા. ૨૧

ગુજરાતના ટોચના ટેક્સ ટાઈલ શહેરોમાં સ્થાન ધરાવનાર સુરતમાં છેલ્લા બે વર્ષના ગાળામાં ૮૦ ટેક્સ ટાઈલ મિલો બંધ થઈ છે. દેશના સૌથી મોટા માનવ દ્વારા બનાવવામાં આવેલા ફેબરિક હબ એવા સુરતમાં પ્રોસિસિંગ સેક્ટરની સ્થિતી સારી દેખાઈ રહી નથી. માત્ર બે વર્ષના ગાળામાં જ હાલત કફોડી બની ગઈ છે. પાન્ડેસરા, સચિન અને ખટોડરા વિસ્તારોમાં શહેરના ઔદ્યોગિક હબમાં અનેક મિલો બંધ થઈ ગઈ છે. આના માટે અનેક કારણો જવાબદાર છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે સુરતમાં ટેક્સ ટાઈલ પ્રોસિસિંગ સેક્ટરના પતન માટે અનેક કારણો અને પરિબળો જવાબદાર છે. જે કારણોને મુખ્ય રીતે જવાબદાર ગણવામાં આવે છે તેમાં કેમિકલ અને ડાયસ જેવી રો મેટેરિયલની કિંમતમાં વધારાનો સમાવેશ થાય છે. રો મેટેરિયલની કિંમતમાં આશરે ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીસિટી, કુદરતી ગેસ અને કોલસાની કિંમતમાં પણ વધારો થઈ ચુક્યો છે. નરેગા સ્કીમના કારણે કુશળ ટેક્સ ટાઈલ લેબરો પણ પુરતી સંખ્યમાં મળી રહ્યા નથી. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાંથી પોલિસ્ટર ફેબરિક્સની માંગ સતત ઘટી રહી છે. અન્ય અનેક કારણો પણ જવાબદાર રહ્યા છે. જો ઈન્ડસ્ટ્રીઝના નેતાઓની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો છેલ્લા એક વર્ષના ગાળામાં આશરે ૪૭ મિલો બંધ થઈ છે. મોટા ભાગના મિલોના માલિકો તેમની મશીનરી અને સાધનો વેચી રહ્યા છે. સાઉથ ગુજરાત ટેક્સ ટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રુમખ જીતુ વખારિયાએ કહ્યું હતું કે ટેક્સ ટાઈલ મિલોની હાલત છેલ્લા એક વર્ષમાં ખરાબતી અતિ ખરાબ થઈ છે. પ્રોસેસિંગ સેક્ટર ધીમી ગતિએ મૃત સ્થિતીમાં છે. જો આવી જ સ્થિતી રહેશે તો અન્ય ૨૫ મિલો પણ બંધ થઈ જશે. એક અગ્રણી અગ્રેજી અખબારમાં આ મુજબની વાત કરવામાં આવી હતી.

## શબ્દાવલી - ૫૧૨૬



### આડી ચાવી

૧. ... નો ગુણ સૌથી વધુ કૂતરામાં હોય તેવું મનાય છે (૪)
૪. મરજાદ, લાજ (૩)
૬. પુરૂષ, માણસ (૨)
૭. તિખારો, ચિનગારી (૩)
૮. વિકાસ થવો, ... થવી (૩)
૧૦. પવન સાથે વાવાઝોડા જેવું તોફાન (૨)
૧૧. વેંત જેવડો માણસ (૩)
૧૨. જગ્યા, નવરાશનો સમય (૪)
૧૪. હાથની હથેળીની મુદ્રાથી લેવાતું માપ (૨)
૧૬. રક્ષણ, રાખડી (૨)
૧૮. ધ્યેય (૨)
૨૧. રાણી દમયંતિનો પતિ રાજા... (૨)
૨૨. ભગવાન વિષ્ણુનો એક અવતાર (૩)
૨૩. ... રે... ભાભો ઢોર ચારતા... (૩)
૨૪. સન્યાસી, સાધુ (૨)

### ઊભી ચાવી

૧. મનુષ્યની ઉંમરમાં પચાસ વર્ષ પુરા થાય તે પછીના વર્ષને ... કહેવાય (૫)
૨. છૂટાછેડા (૪)
૩. પ્રણાલી, પ્રથા (૨)
૪. અડધો નહિ... (૨)
૫. જજ (૪)
૯. 'વેંતિયો' શબ્દ આડોઅવળો (૩)
૧૦. ઈચ્છા, અભિલાષા (૩)
૧૩. પતિ (૨)
૧૫. શમશેર (૪)
૧૭. પાણી (૨)
૧૯. તાકાત, કાર્ય કરવાની... (૩)
૨૦. દિલચશ્પપણુ, મનોરંજન (૩)
૨૧. આંગળાથી... વેગળા (૨)

### શબ્દાવલી ૫૧૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) માન સરોવર (૭) નર (૮) માંડવી (૯) સમ (૧૦) માંગા (૧૩) નજર (૧૫) રામનવમી (૧૮) સીમ (૧૯) નમ (૨૦) યજમાન (૨૧) વિનય

**ઊભી ચાવી :-** (૧) માનસન્માન (૨) નરમ (૩) રોમાંચક (૪) વડ (૫) રવી (૬) રોજગાર વિનિમય (૧૧) ચરમસીમા (૧૨) કલમી (૧૪) જરા (૧૬) નમન (૧૭) જય (૧૯) નન

# સ્માશાનગૃહમાંથી શ્વાન દ્વારા શિશુનો મૃતદેહ ખોદી કઢાયો

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ હાટકેશ્વર મુક્તિધામ ખોખરા વિસ્તારમાં સ્માશાનગૃહમાંથી દટાયેલા નવજાત બાળકોના મતૃદેહને શ્વાન દ્વારા ખોદી કઢાતા સમગ્ર વિસ્તારમાં ચર્ચા ફેલાઈ ગઈ હતી. પૂર્વ વિસ્તાર એવા હાટકેશ્વર મુક્તિધામ ખોખરા વિસ્તારમાં નવજાત મૃત બાળકોને દાટવા માટેનું સ્માશાનગૃહ આવેલું છે જેમાં પોતાના સ્વજનની અંતિમ ક્રિયા કરવા માટે આવેલા કેટલાક લોકોએ શ્વાનના મોઢામાં નવજાત મૃત બાળકોના શીશને જોતાં ઘબરાટની લાગણી ફેલાઈ ગઈ હતી. સ્માશાનમાં આવેલા લોકોએ દોડીને શ્વાનના મોઢામાંથી નવજાત બાળકોના મૃતદેહને છોડાવીને તાત્કાલીક નજીકના પોલીસ સ્ટેશનમાં ઘટના અંગેની જાણ કરી હતી.

## દર્શકોની વાહવાહ... ● ત્રીજા પાનાનું ચાલું

દિન સુધી કોઈ અકસ્માત નડયો નથી તેમજ તેમના ગુરુજી દિલશાદભાઈએ ત્રણ વર્ષની સખત ટ્રેનીંગ આપીને મુકુંદભાઈને ટ્રેઈન કર્યા છે. મુકુંદભાઈએ જણાવ્યું હતું કે તેઓ તેમના ગુરુના આભારી છે અને તેમના આર્શિવાદથી તેઓ આ અઘરું કામ પણ સહેલાઈથી કરી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મોતના કુવામાં ગાડી ચલાવવા માટે સાહસિકતા, સ્ફુર્તિ, ચોકસાઈપૂર્ણ નજર અને વાહન પર કંટ્રોલ હોવો જોઈએ. સમગ્ર ભારતમાં મોતનો કુવો લઈને ફરેલા મુકુંદભાઈએ અનેક શો કર્યા છે. તેમના ધંધામાં પગાર ધોરણ નક્કી હોતું નથી. શેઠને વધુ નફો થાય તો તે પ્રમાણે અને નફો નહિવત મળે તો તે પ્રમાણે પગાર મળે છે. ઈન્ડિયામાં મોટામાં મોટો મોતનો કુવો ફનપાર્ક ખાતે છે. જેમાં ૫ ગાડી ચાલે છે. પરંતુ અત્યારે હાલ મંદીના કારણે ૪ ગાડી ચાલે છે. જયારે બીજા બધા મોતના કુવા સીંગલ માળના છે ત્યારે આ કુવો ડબલ માળનો છે. જેથી એક સાથે વધુ ગ્રાહકો મોતના ખેલને નિહાળી શકે. ફનપાર્કમાં રાત્રે ૪ થી ૫ શો યોજાય છે. અત્યાર સુધીમાં અનેક શૉ કર્યા પરંતુ તેમને યાદ રહે તેવી કોઈ બક્ષીસ હજુ મળી નથી. આજીવિકા મેળવવા ઉપરાંત તેઓ સાહસવૃત્તિને પોષવા આ અનોખું છતાં ખતરનાક કામ કરી રહ્યા છે.

# ફિલ્મી ઢબે અપહરણ કરાયેલી યુવતીનો આબાદ બચાવ થયો

અમદાવાદ, તા. ૨૧

અપહરણના બનાવ તાજેતરમાં વધી રહ્યા છે. ફિલ્મી ઢબે અપહરણ કરાયેલી યુવતીનો આબાદ બચાવ થતાં રાહત થઈ છે. મળેલી માહિતી મુજબ ત્રણ શખ્સો દ્વારા ફિલ્મી ઢબે અપહરણ કરાઈ લેવામાં આવ્યા બાદ પેટમાં છરીના ઘા ઝીંકી દેવામાં આવ્યા હતા. જોકે પોતાની યોજનામાં નિષ્ફળ જતા આ શખ્સોએ યુવતીને અધવચ્ચે રસ્તામાં ઈજા પહોંચાડી ફેંકી દીધી હતી. ભાનમાં આવ્યા બાદ યુવતીએ પરિવારને જાણ કરતા સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો. શહેરના નરોડા વિસ્તારમાં ત્રણ શખ્સો દ્વારા એક યુવતીનું ફિલ્મી ઢબે અપહરણ કરાયા બાદ તેને પેટમાં છરી મારીને ઈજા પહોંચાડ્યા બાદ હાઈવે ઉપર છોડી મુકાઈ હતી. જેના પગલે સમગ્ર પંથકમાં રોષની લાગણી ફેલાઈ હતી. નવા નરોડા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતી શનિવારના બપોરે પોતાની કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી તે દરમ્યાન નરોડામાં જ રહેતા ભરવાડ વાસ પાસેના ત્રણ અજાણ્યા ઈસમોએ એકાએક યુવતીના મોઢા પર રૂમાલ બાંધી તેને બેભાન કરીને તેનું અપહરણ કર્યું હતું. આ ઘટના બાદ યુવતીના પેટમાં છરીના ઘા વડે ગંભીર ઈજા પહોંચાડીને બગોદરા ટોલનાકા પાસેના હાઈવે ઉપર બેરહેમીથી ફેંકી દેવામાં આવી હતી. સદનસીબે યુવતીને થોડા સમય બાદ ભાન આવતા તેણીએ મોબાઈલથી તાત્કાલીક પોતાના માતા-પિતાને આ બનાવ અંગે જાણ કરી હતી અને યુવતીને બાવળા હોસ્પીટલમાં તાત્કાલીક દાખલ કરવામાં આવી હતી. જો કે ત્યારબાદ વધુ સારવાર અર્થે યુવતીને શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી.

## ઉમેદવારીપત્ર ભરાશે... ● પહેલા પાનાનું ચાલુ

પ્રમુખની ચૂંટણી બાદ શિક્ષણ સમિતિની ખાલી પડેલી ૩ બેઠકો તેમજ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદ માટેની કવાયત હાથ ધરવામાં આવશે. પ્રમુખપદ માટેની પસંદગીમાં ઘણી બધી બાબતોને ધ્યાને લેવામાં આવશે. આગામી લોકસભાની ચૂંટણીને પણ ધ્યાને લેવાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યોની બેઠકમાં નિરીક્ષક તરીકે શ્રી શૈલેષ પરમાર ઉપસ્થિત રહેનાર છે. તેઓ જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણા અને પક્ષના ત્રણ ધારાસભ્યો પણ આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેનાર છે.

## દુઃખદ અવસાન

ગંગા સ્વરૂપ ભગવતીબેન મહેન્દ્રભાઈ જોશીનો ૮૦ વર્ષની વયે સ્વર્ગવાસ થતાં સદ્‌ગતનું બેસણું આજે તા. ૨૨મી જુલાઈએ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રીક્રીએશન ક્લબ હોલ, જી.ઈ.બી. કોલોની ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. એમ વિજયભાઈ જોશી દ્વારા જણાવાયું છે.

## દુઃખદ અવસાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામના રાકેશભાઈ પંડ્યાના માતુશ્રી સરોજબેન નરસિંહભાઈ પંડ્યાનો ૫૩ વર્ષની વયે સ્વર્ગવાસ થતા સ્વર્ગસ્થનું બેસણું પ્લોટ નં. ૯૦૬/૧, સેક્ટર-૫-સી, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

**જાહેર નિવિદા**

ગાંધીનગર જિલ્લામાં ફાર્મ મશીનરીના એગ્રો સર્વિસ પ્રોવાઈડર યુનીટ સ્થાપવા માંગતી સંસ્થા / વ્યક્તિ પાસેથી તેઓ જે વિસ્તારમાં યુનીટ સ્થાપવા માંગતા હોઈ તે વિસ્તારના ખેતી કાર્યના ભાવ મંગાવવામાં આવે છે. આ ફોર્મ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાંથી કચેરી કામકાજ સમયમાં તા. ૩૧-૭-૧૩ સુધી મળશે અને તા. ૩-૮-૧૩ના ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરી ખાતે જમા કરાવવાનાં રહેશે.

સ્થળ : ગાંધીનગર — જિલ્લા ખેતીવાડી અધિકારી
તારીખ : ૨૨-૭-૨૦૧૩ — જિલ્લા પંચાયત, ગાંધીનગર

**માહિતી/૮૧૯/૨૦૧૩-૧૪**